RNI No. Guj Guj 2004/19315 Post Reg. No. G.Meh-257/Valid Upto 31-12-2015

Book-Post

અંધ, અપંગ, બહેરા-મૂંગા, મંદબુધ્ધિ તથા કુષ્ઠરોગીઓને સમર્પિત માસિક સમાચાર પત્ર

# વિકલાંગ મિત્ર

ઓળંગો ગિરી પાંગળો
Press For Disable

તંત્રી : ભરતભાઈ આર. પટેલ
M.No. 97260 43911

VIKLANG MITRA MONTHLY

● વર્ષ : ૧૦ ● અંક : ૪-૫ ● ડિસે-જાન્યુ-૨૦૧૪ ● વાર્ષિક લવાજમ રૂા.૫૦/- ● આજીવન લવાજમ રૂા.૧૦૦૦/- ● પાના - ૪

પત્ર વ્યવહારનું સરનામુ :- મુ.પો. માઢી, તા. વિજાપુર, જિ. મહેસાણા, પી.નં. ૩૮૨૮૬૦ ઈ-મેલ : viklangmitra@yahoo.com

## વિકલાંગોના રોલમોડલ : દર્શિતા શાહ





અન્ય વિકલાંગો માટે રોલમોડલ બનવા બદલ રાષ્ટ્રપતિશ્રીના વરદહસ્તે એવોર્ડ મળે ત્યારે તેનું મહત્ત્વ અનેકગણું વધી જાય છે. અમદાવાદના દર્શિતાબેન શાહને વિકલાંગ હોવા છતાં ઘણી સિદ્ધિઓ હાંસલ કરીને વિકલાંગોના રોલમોડલ બનવા માટે ૩ ડિસેમ્બર૨૦૧૩ વિશ્વ વિકલાંગ દિન નિમિત્તે રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જીના હસ્તે વિકલાંગ રોલ મોડલ એવોર્ડ અપાયો હતો. દર્શિતાબેન બાળપણથી જ વિકલાંગતા ધરાવતા હોવાથી પોતાના જેવી મુશ્કેલીઓ બીજાએ ન ભોગવવી પડે તે માટે વિકલાંગોના લાભાર્થે સામાજિક કાર્યો કરે છે. દર્શિતાબેનની શૈક્ષણિક કારકિર્દી બહુ જ તેજસ્વી રહી છે. તેમણે ૮૦ ટકા વિકલાંગતા

શિખરો સર કર્યા છે.

હાલમાં અપંગ માનવ મંડળ, અમદાવાદમાં ખાસ ફરજ પરના માનદ અધિકારી તરીકેની ફરજ બજાવે છે અને ત્યાં જ ચાલતા વિકલાંગોના ફેશન ડિઝાઈન સેન્ટર

પબ્લિક ચેરિ. ટ્રસ્ટ સ્પેશિયલ વિકલાંગો માટે ચલાવે છે. આ ટ્રસ્ટનું કામ સાબરકાંઠા અને વિરમગામ ખાતે ચાલે છે. પાંચ ગરીબ વિદ્યાર્થીઓ જેઓ ફાર્મસી, કંપની સેક્રેટરી જેવા ક્ષેત્રોમાં અભ્યાસ કરે

દર્શિતાબેન નિભાવે છે. આવી હોનહાર કારકિર્દી ધરાવતા દર્શિતાબેનને ૮ મહિનાની ઉંમરે લકવાની અસર થઈ હતી. તાત્કાલિક સારવાર મળતાં તેમનું જીવન બચી ગયું પરંતુ તેમને જીવનભરના વિકલાંગ બનાવી દીધા. દરરોજ દિવસના પાંચ કલાક કસરત કરવા છતાં કોઈ ફરક પડ્યો ન હતો. આ સ્થિતિમાં તેઓ શાળાએ જઈ શકે તેમ ન હોવાથી માતા-પિતાએ શિક્ષકને ઘરે બોલાવી તેમના ભણવાની વ્યવસ્થા કરી આપી હતી. જેમ તેમ કરીને કોલેજનું ભણતર પણ પુરું કરી સ્નાતક ડિગ્રી મેળવી હતી. તેની સાથે તેમને સંગીત અને ચિત્રકલામાં પણ પોતાનું કૌશલ્ય બતાવ્યું હતું. તેમને નોકરી મેળવવા માટે વિકલાંગતાને કારણે ઘણી

હતો. દર્શિતાબેન સારા લેખક અને કવિયત્રી પણ છે. તેમના પાંચ કાવ્યસંગ્રહો પ્રસિધ્ધ થયા છે. ૧. આરજુ ૨. કશીશ ૩. ગુલ ગુલઝાર ૪. અસ્તિત્વ ૫. પરસ્પર. આ ઉપરાંત શાહ જે.જે. ચેરીટેબલ ટ્રસ્ટની

સામાજિક કાર્યો કરે છે. દર્શિતાબેનની શૈક્ષણિક કારકિર્દી બહુ જ તેજસ્વી રહી છે. તેમણે ૮૦ ટકા વિકલાંગતા હોવા છતાં ઉચ્ચ શિક્ષણમાં પણ અનેક

પરના માનદ અધિકારી તરીકેની ફરજ બજાવે છે અને ત્યાં જ ચાલતા વિકલાંગોના ફેશન ડિઝાઈન સેન્ટર પણ ચલાવે છે. આ ઉપરાંત દર્શુ કેર

ખાતે ચાલે છે. પાંચ ગરીબ વિદ્યાર્થીઓ જેઓ ફાર્મસી, કંપની સેક્રેટરી જેવા ક્ષેત્રોમાં અભ્યાસ કરે છે. તેમની ફીની જવાબદારી

ચિત્રકલામાં પણ પોતાનું કૌશલ્ય બતાવ્યું હતું. તેમને નોકરી મેળવવા માટે વિકલાંગતાને કારણે ઘણી મુશ્કેલીઓનો સામનો કરવા પડ્યો

કાવ્યસંગ્રહો પ્રસિધ્ધ થયા છે. ૧. આરજુ ૨. કશીશ ૩. ગુલ ગુલઝાર ૪. અસ્તિત્વ ૫. પરસ્પર. આ ઉપરાંત શાહ જે.જે. ચેરીટેબલ ટ્રસ્ટની શિક્ષણ કમિટિના ચેરમેન પણ છે. જે સંસ્થા મંદબુધ્ધિ બાળકોને શિક્ષણ આપવાનું કામ કરે છે.

૪૮ વર્ષની ઉંમરે દર્શિતાબેન વિકલાંગોના રોલમોડલ બનવા માટે સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રાલય દ્વારા તેમને રોલમોડલ તરીકેનો નેશનલ એવોર્ડ ૩ ડિસેમ્બર-૨૦૧૩ વિશ્વ વિકલાંગ દિને નવી દિલ્હી ખાતે મહામહિમ રાષ્ટ્રપતિશ્રી પ્રણવ મુખર્જીના વરદહસ્તે અપાયો હતો. ૨૦૦૭માં ગુજરાત રાજ્યનો "બેસ્ટ સેલ્ફ એમ્પ્લોઈડ" એવોર્ડ અપાયો હતો. તેજસ્વી કારકિર્દી અને અનેક સેવાકિય કાર્યો બદલ "લિમ્કા બુક ઑફ રેકોર્ડ" અને "ઈન્ડિયાઝ બુક ઑફ રેકોર્ડઝ"માં તેમને સ્થાન મળ્યું છે. શું તમને લાગે છે કે દર્શિતા શાહ વિકલાંગ છે...? આવી હોનહાર કારકિર્દી ધરાવતી વિકલાંગ વ્યક્તિ શું વિકલાંગોના રોલમોડલ ન બની શકે...? બેશક... બની શકે... ! દર્શિતાબેન શાહને "વિકલાંગ મિત્ર" પરિવાર અનેક શુભકામનાઓ પાઠવે છે. સતત વિકલાંગ કલ્યાણની પ્રવૃત્તિઓ કરવાની ઈશ્વર તેમને શક્તિ આપે એવી પ્રાર્થના સાથે વિરમીએ...! ●

# વિકલાંગ વ્યક્તિઓ સાથે સમાજનું વર્તન-વ્યવહાર અને અભિગમ

આપણો સમાજ હંમેશા અસહાય વ્યક્તિઓની ઉપેક્ષા કરતો આવ્યો છે. તેમાં વધુ નિર્ધન હોય, અનાથ હોય, વૃદ્ધજન હોય કે વિકલાંગ હોય. જે વ્યક્તિની સમાજને સંભાળ લેવી પડતી હોય તે વ્યક્તિ ધીરે ધીરે ઉપેક્ષિત બનતી જાય છે.

તેમાં પણ વિકલાંગતા જેમાં વ્યક્તિ પોતે બેકસુર હોય છે. તેમનામાં લઘુતાગ્રંથી આવવાનું કારણ આપણા સમાજનો તેમના પ્રત્યેનો ઉપેક્ષિત ભાવ. વિકલાંગો પોતાની જાત માટે ખૂબ હીનભાવ રાખે છે. હું નકામો છું ! હું શું કરી શકું ? હું કેવો પાપી હોઈશ કે કુદરતે મને આ સજા કરી ! વગેરે સમાજ તરફથી તેમના માટે ઝીંકાતા વાક્યો તેમના મનમાં ઘર કરી જાય છે. સતત પોતાની જાતને હીણી માની લે છે.

ખરેખર તો વિકલાંગ વ્યક્તિ આપણા સમાજનું એક અભિન્ન અંગ છે. જેનું વિભાજન / અલગ ન થઈ શકે. તેમ છતાં એક યા બીજા કારણોસર વિકલાંગોનો જે વિકાસ થવો જોઈએ તે નથી થયો. તેનું કારણ સમાજમાં તેમના માટે રહેલી જડ માન્યતાઓ, રૂઢિઓ અને વલણો છે. સદીઓથી સમાજ વિકલાંગતા પ્રત્યેના હકારાત્મક અને નકારાત્મક પ્રત્યાઘાતો વચ્ચે આંદોલિત થતો આવ્યો છે. જેમાં નકારાત્મક વલણોનું પલ્લું નમતું આવ્યું છે. સમાજના કુરીવાજો, જડતા, રૂઢિચુસ્તતા, ધાર્મિક લાગણીઓ અને શિક્ષણનું ઓછું પ્રમાણ મહત્વનો ભાગ ભજવે છે.

સમગ્ર વિશ્વમાં ૫૬ કરોડ વિકલાંગો છે તેમ પુરાવારૂપ આંકડા બતાવે છે. તેમાં ભારતમાં ૨ કરોડ છ લાખ અને ગુજરાતમાં ૨૦૦૪ની ગણતરી પ્રમાણે સાડા દસ લાખ લોકો વિવિધ વિકલાંગતા ધરાવે છે. દરેક રાજયમાં સરકાર દ્વારા સર્વે કરવા છતાં સાચી ગણતરી કરવી તે ઘણું મુશ્કેલ છે. બીજું કે હવે પછી પણ વિકલાંગો જન્મવાના નથી તેમ પણ સો ટકા કહી ન શકાય. સવાલ સંખ્યાનો નથી સમસ્યાનો છે.

વિકલાંગતા જુદા જુદા પ્રકારમાં સમાજને ઓળખ માત્ર ચાર પ્રકારના વિકલાંગોની છે. (૧) નેત્રહિન-અંધ (૨) મૂક-બધિર (૩) શારીરિક વિકલાંગ (૪) માનસિક વિકલાંગતા. આ ચાર વિકલાંગોમાં પણ પેટા વિભાગો ઘણા પડે છે. પરંતુ દરેક વિકલાંગતા, તેમનું વર્ગીકરણ, તેમનામાં ખામી આવવાના જુદા જુદા કારણો, જન્મ પહેલાના, જન્મ સમયના કે જન્મ પછીના, આવા બાળકોની ઉંમર પ્રમાણેના સામાજીક, મનોવૈજ્ઞાનિક, શૈક્ષણિક, કૌટુંબિક, રોજગારી વગેરેના જુદા જુદા પ્રશ્નો તેમની તાલીમ, શિક્ષણ વ્યવસ્થા, સલાહ સુચન-માર્ગદર્શન, કાયદા વ્યવસ્થા વગેરે જોવા જઈએ તો ખૂબ ગહન વિષય છે. જેને આવા એકાદ લેખથી સમજી કે સમજાવી ન શકાય. દરેક વિકલાંગતા, તેમની ઉંમરના, તેમના ઉછેરના, તેમના કુટુંબના પ્રશ્નો જુદા જુદા હોય છે. છતાં બધામાં સમાનતા એક છે કે તેઓ વિકલાંગ છે. સામાન્ય માણસને કુદરત તરફથી બધી ઈન્દ્રીયો મળી છે. તેમાંથી તેમને એકાદ અંગ, કોઈપણ- ગમે તે કારણે ઓછું મળ્યું હોય તો શું તે કારણે તેમનું અસ્તિત્વ જ નકામુ ગણાવાય ? તેમને સામાન્ય માણસની જેમ જીવવાનો અધિકાર નથી ?

સમાજ પણ વિકલાંગતાના પરિપ્રેક્ષ્યમાં હંમેશા વિવિધ મનોવલણો ધરાવતો જોવા મળે છે. ગ્રામ્ય વિસ્તારની અશિક્ષિત- અલ્પ શિક્ષિત પ્રજાની માન્યતા જેવી જ માન્યતા જ્યારે પોતાને સુધરેલો અને શિક્ષિત ગણાવતા સમાજમાં જોવા મળે ત્યારે ખરેખર આઘાત અને આશ્ચર્ય લાગે છે.

વિકલાંગો માટે સમાજમાં વિવિધ માન્યતાઓ પ્રવર્તે છે.

- વિકલાંગ થવું તે પૂર્વ જન્મના કર્મનું ફળ છે.
- વિકલાંગ બાળક માતા-પિતાના પાપોનું ફળ છે.
- વિકલાંગોને દાન આપવાથી, જમાડવાથી પુણ્ય મળે છે.
- વિકલાંગ બાળકોને સમાજના પ્રસંગોમાં કે જાહેર સ્થળોએ લઈ જવા શરમજનક છે.
- વિકલાંગો કામકાજ ન કરી શકે, તે લાચાર અને બિચારા છે.
- વિકલાંગતા તે કુદરત તરફથી અપાયેલ શિક્ષા છે. તેમને મદદ કરવી એટલે ઈશ્વરના ન્યાયનો દ્રોહ કરવા બરાબર છે.
- વિકલાંગ બાળકોનો પોતાના ઘરે જન્મ તે દૈવી પ્રકોપ છે.
- કોઈ બાવા કે ફકીર કે સાધુ પોતાની દૈવી શક્તિ વડે વિકલાંગતા દૂર કરી શકે છે.

(અનુસંધાન પાના નંબર -૩ ઉપર)

આ અંકના સ્પોન્સર
આશા- કિરણ ટ્રસ્ટ, અમદાવાદ

વિકલાંગ મિત્ર

**વિકલાંગ પ્રથમ માણસ છે અને પછી વિકલાંગ છે. તેના અધિકારોનું રક્ષણ કરવું એ આપણી પવિત્ર ફરજ છે.**

## ભારત પોલિયો મુક્ત

૮૦ના દાયકામાં વૈશ્વિક પોલિયો નાબૂદી અભિયાન શરૂ થતા પહેલા દેશમાં દર વર્ષે બે લાખ બાળકો પોલિયોના ભોગ બનતા હતા. ૧૯૯૪થી દેશે તેને મટાડવા માટે સંઘર્ષ શરૂ કર્યો. ૨૦૧૧ની ૧૩મી જાન્યુઆરીએ પોલિયોનો આખરી કેસ મળ્યો. ત્યાર પછી ત્રણ વર્ષ થઈ ગયા છે, એક પણ કેસ બહાર આવ્યો નથી. લોકો જાગૃત થયા, પગલું ભર્યું. સરકારની સાથે લોકોએ પોતાની આગામી પેઢીને મજબૂત પગ પર ઊભી કરી દીધી. દેશ પોલિયો મુક્ત થઈ ગયો છે. આગામી બે મહિનામાં તપાસ પછી વિશ્વ સ્વાસ્થ્ય સંગઠન (ડબલ્યુએચઓ) દેશને સત્તાવાર રીતે પોલિયો મુક્ત જાહેર કરી દેશે.

આ અભિયાનમાં ૨૩ લાખ હેલ્થ વર્કરોએ ૧૭.૫ કરોડ બાળકોને દર વર્ષે રસી પીવડાવી. ૯૧૨૫ સામુદાયિક ટીમે ૩૦ લાખ લઘુમતી પરિવારો સાથે મુલાકાત કરી રસી પીવડાવી. ૨૦૧૧ના વર્ષમાં ૯૦ કરોડ પોલિયો ડ્રોપ પીવડાવાયા. દર વર્ષે ૯.૫૬ લાખ પોસ્ટર્સ લગાવાયા હતા. ૮૪૦ ટીવી પ્રચાર પ્રોગ્રામ ચલાવાયા અને ૨૦૩૦ રેડિયો સ્પોટ્સ ચલાવાયા હતા. આ બધાના પરિણામે ૨૦૦૭માં ૬૬ ટકા કામ બાકી હતું, ૨૦૦૯માં ૪૪ ટકા, ૨૦૧૦માં ૩ ટકા અને ૨૦૧૧માં એકથી પણ ઓછું. ૨૦૧૨-૧૩માં એક પણ પોલિયો કેસ નોંધાયો નથી. આમ ભારત પોલિયોગ્રસ્ત દેશોની યાદીમાંથી બહાર નીકળી ગયું.

આમ ભારત પોલિયો મુક્ત દેશ બની ગયો છે.

## પૂર્ણ વિરામ...

જો તમે ઊડી ન શકતા હો તો દોડો, દોડી શકતા ન હો

## સ્વામીશ્રી સચ્ચિદાનંદજી મહારાજના વરદ હસ્તે વિકલાંગ સેવા પરીસરના પ્રવેશદ્વારનું ખાત મુર્હત કરાયુ



ઉત્તર ગુજરાત વિકલાંગ કલ્યાણ સંઘ-વિસનગર સંસ્થા દ્વારા વિસનગર વિજાપુર હાઈવે પર બાજીપુરાના પાટીયા પાસે કુવાસણા ગામની સીમમાં આકાર લઈ રહેલ વિકલાંગ સેવા પરીસરના મુખ્ય પ્રવેશ દ્વારની ખાત મુર્હત વિધી પરમ વંદનીય રાષ્ટ્રીય સંત સ્વામીશ્રી સચ્ચિદાનંદ મહારાજના વરદ હસ્તે તા.૩૦/૧૨/૨૦૧૩ ને સોમવારના રોજ સવારે ૯/૦૦ કલાકે સંપન્ન થઈ. સ્વામીજીએ પોતાના આર્શીવચનમાં વિકલાંગ અને અશક્તજનોની સેવા એજ સાચો માનવધર્મ છે. આવુ પરમ કાર્ય કરનાર સંસ્થાના સંચાલકોને અભિનંદન પાઠવ્યા હતા અને સંસ્થા ઉત્તરોત્તર ખૂબ પ્રગતિ સાધે અને હાલમાં ચાલી રહેલા ભવન નિર્માણનું કાર્ય ઝડપથી પૂર્ણ થાય તેવા આશીર્વાદ આપ્યા હતા. આ સાથે તેઓશ્રી દ્વારા પોતાના આશ્રમ તરફથી પણ રૂા.૧,૦૦,૦૦૦/- ના દાનની જાહેરાત કરી હતી. આ શુભ પ્રસંગે સંસ્થા દ્વારા ગ્રામ્ય વિસ્તારમાં વસતા છેવાડાના વિકલાંગો સુધી સંસ્થા અને સરકારશ્રીની યોજનાઓના લાભો પહોચાડવા માટે સંસ્થા દ્વારા શરુ કરવામાં આવનાર વિકલાંગ હિત વર્ધક કેન્દ્રને પણ સ્વામીજીએ દિપ પ્રાગટ્ય કરી ખુલ્લુ મુકયુ હતુ. આ પ્રસંગે સંસ્થાના માનદમંત્રીશ્રી કુ.સુરેખાબેન એસ.પટેલે સ્વામીશ્રી સચ્ચિદાનંદ મહારાજ સંસ્થામાં પધાર્યા તે બદલ તેમજ સંસ્થાને રૂા.૧/-લાખના દાનની જાહેરાત કરી તે બદલ અને તમામ દાતાશ્રીઓનો આભાર વ્યક્ત કર્યો હતો.

## ગ્લોરી ઓફ ગુજરાત એવોર્ડ -૨૦૧૩

**શ્રી કનુભાઈ શેલાર, અમદાવાદ**

## જીવનસાથી પસંદગી મેળો અને વિવિધ સ્પર્ધાઓ યોજાઇ

મંથન અપંગ કન્યા સેવા સંકુલ, હાજીપુર ખાતે વિશ્વ વિકલાંગ દિનની ઉજવણી નિમિત્તે વિવિધ હરિફાઈઓ તથા જીવનસાથી પસંદગી મેળાનું આયોજન થયું હતું. મીત ઈન્ટરનેશનલના રણજીત ગોહિલ અને કલાકાર પવન સોલંકીની ઉપસ્થિતિમાં ચિત્ર, સંગીત, ફિલ્મગીત, ભજન વગેરે સ્પર્ધાઓ યોજવામાં આવી હતી અને સ્પર્ધકોને ઈનામ વિતરણ કરવામાં આવ્યાં હતાં. ગાંધીનગર, અમદાવાદ, મહેસાણા, સુરેન્દ્રનગર, ખેડા અને અમરેલી

આમ ભારત પોલિયો મુક્ત દેશ બની ગયો છે.

**પૂર્ણ વિરામ...**

જો તમે ઊડી ન શક્તા હો તો દોડો, દોડી શક્તા ન હો તો ચાલો, ચાલી શક્તા ન હો તો ભાંખોડીયા ભરો, પણ તમે જ્યાં છો ત્યાંથી આગળ વધો. આગળ ને આગળ વધતા રહો...!

- માર્ટીન લ્યુથર કિંગ

**"વિકલાંગ મિત્ર"ના આજીવન સભ્યશ્રીઓ રૂા. ૧,૦૦૦/-**

(૧) શ્રી સેજલબેન એન. મહેતા, શિક્ષકશ્રી, બહેરા-મૂંગા શાળા, ભાવનગર
(૨) ડૉ. દેવ યોગી, મંગલ જીવન ટ્રસ્ટ, સેદ્રાણા, તા. સિધ્ધપુર
(૩) શ્રી કનુભાઈ શેલાર, પ્રમુખશ્રી, ધી સોસાયટી ફોર ફીઝીકલી હેન્ડીકેપ્ડ, અમદાવાદ
(૪) શ્રી આશા - વીરેન્દ્ર, સાહિત્યકાર, વલસાડ
(૫) પ્રો. રમીલાબેન દેસાઈ, સુરત
(૬) મંત્રીશ્રી, સ્વાવલંબન ટ્રસ્ટ, અમદાવાદ
(૭) શ્રી કુલિનકાન્ત લુઠિયા, માનવ જ્યોત, મુંબઈ
(૮) શ્રી સુરેશભાઈ પટેલ, શિક્ષકશ્રી, પાટણ
(૯) શ્રી બળવંતભાઈ દેસાઈ, યંગમેન્સ ગાંધીયન એસોશિયેશન-રાજકોટ
(૧૦) શ્રી જ્યોત્સનાબેન બી. સુથાર, ફા. ઈન્ટરનેશનલ અને અપંગ એકતા સમિતિ - અમદાવાદ
(૧૧) શ્રી નવનીતભાઈ કે. પટેલ, નિવૃત્ત કાર્યાલય અધિક્ષકશ્રી, મત્સ્યોદ્યોગ વિભાગ- ગાંધીનગર
(૧૨) શ્રી નરેશકુમાર દવે, પ્રમુખશ્રી, શ્રી બ્રહ્મ સમાજ સેવા ટ્રસ્ટ-પાટણ

## કૃત્રિમ અંગ : માર્ગદર્શન

વિકલાંગોને કૃત્રિમ અંગો પૂરા પાડવાનું સરાહનીય કાર્ય વેદાંતમ મૂર્તિ કરી રહેલ છે. પોતે અકસ્માતમાં બંને પગ ગુમાવી દેતા ખૂબ ખર્ચાળ સારવાર પૂણે હોસ્પિટલમાં લીધી હતી. હાલ કૃત્રિમ પગ દ્વારા તેઓ વ્હીકલ પણ ચલાવી શકે છે. પોતાની વેદનાના અર્વિભાવરૂપે તેમણે "કૃત્રિમ અંગ કેન્દ્ર" ડૉ. સરમા.ના સહયોગથી શરૂ કરેલ છે. જરૂરતમંદ વિકલાંગોએ સલાહ-સૂચન, માર્ગદર્શન માટે વેદાંતમ મૂર્તિ, કૃત્રિમ અંગ કેન્દ્ર, પાલાકોલ પો.ઓ., જિ. પશ્ચિમ ગોદાવરી, આંધ્રપ્રદેશ સંપર્ક કરી શકે છે. તેમની વેબ સાઈટ **ability@ ability foundation.org** થી વિશેષ માહિતી મેળવી શકાશે.

ઈન્ડિયન કાઉન્સિલ ઑફ સોશ્યલ વેલફેર સર્વિસીસ, અમદાવાદ તરફથી તા. ૨૭-૧૨-૨૦૧૩ના રોજ શ્રી કનુભાઈ જે. શેલાર, પ્રમુખશ્રી, ધી સોસાયટી ફોર ફીઝીકલી હેન્ડીકેપ્ડ, અમદાવાદને તેમની વિકલાંગ કલ્યાણની ઉત્કૃષ્ટ કામગીરીને ધ્યાને લઈ ગુજરાતના મહામહિમ રાજ્યપાલ શ્રીમતી કમલાજી બેનીવાલના વરદહસ્તે રાજભવન, ગાંધીનગર ખાતે "ગ્લોરી ઑફ ગુજરાત એવોર્ડ-૨૦૧૩" એનાયત કરવામાં આવ્યો હતો. શ્રી કનુભાઈ શેલારને "વિકલાંગ મિત્ર" પરિવાર હાર્દિક અભિનંદન પાઠવે છે.

**શ્રી રમણીકભાઈ હાલારી, વિસનગર**

ઈન્ડિયન કાઉન્સિલ ઑફ સોશ્યલ વેલફેર સર્વિસીસ, અમદાવાદ તરફથી તા. ૨૭-૧૨-૨૦૧૩ના રોજ શ્રી રમણીકભાઈ હાલારી, માનદમંત્રીશ્રી, રાષ્ટ્રીય અંધ કલ્યાણ સંઘ, મહેસાણા જિલ્લા શાખાને તેમની અંધજનો તથા વિકલાંગ કલ્યાણની ઉત્કૃષ્ટ કામગીરીને ધ્યાને લઈ ગુજરાતના મહામહિમ રાજ્યપાલ શ્રીમતી કમલાજી બેનીવાલના વરદહસ્તે રાજભવન, ગાંધીનગર ખાતે "ગ્લોરી ઑફ ગુજરાત એવોર્ડ-૨૦૧૩" એનાયત કરવામાં આવ્યો હતો. શ્રી રમણીકભાઈ હાલારી સાહેબને "વિકલાંગ મિત્ર" પરિવાર હાર્દિક અભિનંદન પાઠવે છે.

ઈનામ વિતરણ કરવામાં આવ્યાં હતાં. ગાંધીનગર, અમદાવાદ, મહેસાણા, સુરેન્દ્રનગર, ખેડા અને અમરેલી જિલ્લાના વિકલાંગો માટે જીવનસાથી પસંદગી મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૨૦ અસ્થિવિકલાંગ બહેનો અને ૬૮ ભાઈઓએ ભાગ લીધો હતો. આ પ્રસંગે સંસ્થાના ટ્રસ્ટીશ્રી નિરૂબેન રાવળ તથા માનદમંત્રીશ્રી ગિરીશભાઈ પટેલે શુભેચ્છાઓ પાઠવી હતી.

## પ્રતિભાવ

વિકલાંગ પ્રથમ માણસ છે અને તે પછી વિકલાંગ છે તેના અધિકારોનું રક્ષણ કરવું એ આપણી પવિત્ર ફરજ છે. જે યુક્તિને સાચી ઠેરવતા "વિકલાંગ મિત્ર"ના તંત્રીશ્રી ભરતભાઈને "વિકલાંગ મિત્ર"ના દશમા વર્ષના મંગળ પ્રવેશ નિમિત્તે અમારા ટ્રસ્ટ તરફથી ખૂબ-ખૂબ શુભકામનાઓ... છેલ્લા દસ વર્ષથી વિકલાંગો માટે અવિરત આપની વિકલાંગતાથી સહેજ પણ વિચલિત થયા વગર આપ જે નીડરતાથી સર્વે પ્રકારના વિકલાંગોના વિકાસ માટે ભગીરથ કાર્ય કરી રહ્યા છો તે ખૂબ જ પ્રશંસનીય અને અનુમોદનીય છે તથા અમો ને પણ આપના ઉપર્યુક્ત પરિવારમાં સેવા કરવાની તક આપશો. ફરીથી અમારા ટ્રસ્ટ તરફથી આપશ્રી તથા આપની ટીમને હાર્દિક શુભેચ્છાઓ..

આદેશભાઈ ચોક્સી, મે. ટ્રસ્ટી,
આસ્થા ચેરીટેબલ ટ્રસ્ટ - અમદાવાદ

વિકલાંગ મિત્ર 3 ડિસે-જાન્યુ-૨૦૧૪

(અનુસંધાન પાના નંબર -૧થી...)

સમાજમાં આજે પણ આવી માન્યતાઓ, અંધશ્રદ્ધા, દોરા-ધાગા કે ભૂવાના પ્રયોગો ચાલુ જ છે. આધુનિક યુગમાં આવા વિકલાંગો પ્રત્યે સરકારના વિવિધ પ્રયત્નોથી ખૂબ જાગરૂકતા આવી છે. ઘણી સ્વૈચ્છિક સંસ્થાઓ તેમના શિક્ષણ અને પુનઃસ્થાપન માટે કાર્ય કરી રહી છે. સમાજમાં સામાન્ય બાળક સાથે જ તેમને સ્થાન મળે તે માટેના પ્રયત્નો થઈ રહ્યા છે. પરંતુ કેટલી સફળતા મળી તે આંકડામાં અને હકીકતમાં ક્યાંય મેળ પડતો નથી. છતાં સિંધુમાં જે માત્ર બિંદુ સમાન પ્રયત્નો હતા, તે હવે ગાગર સુધી પહોંચ્યા છે. હવે વધુ આશા રાખી શકીએ. શિક્ષણની સમજ અને અનિવાર્યતા સમજાઈ ગઈ છે. સરકાર તરફથી મળતા વખતો વખતના લાભોની જાણકારી મેળવતા થયા છે. તેથી આગળ વધીને વિકલાંગોને તાલીમ અને શિક્ષણ દ્વારા સ્વાવલંબી બનાવવાના પ્રયત્નો થવા લાગ્યા છે. તેમની પાસે કયું અંગ છે અને કયુ અંગ નથી ના હિસાબ કર્યા સિવાય જે પણ છે તેને સ્વીકારીને તેના દ્વારા આગળ વધવાનું છે. તેમનામાં રહેલી વિશિષ્ટ શક્તિઓને ધ્યાનમાં રાખી તેમની યોગ્યતા અનુસાર રોજગારલક્ષી શિક્ષણ આપવું જેનાથી તેઓ સ્વાવલંબી બને અને પોતાના કુટુંબ પર કે સમાજ પર બોજો ન બને. સ્વનિર્ભર બની સ્વમાનભેર આત્મવિશ્વાસથી જીવન જીવતા થાય તે અગત્યનું છે. તે માટે તેમને જરૂરી છે પ્રેમ, સહાનુભૂતિ, શિક્ષણ, તક અને પ્રેરણા-પ્રોત્સાહન સમાજ તરફથી મળવું જરૂરી છે. અને આ સમાજ એટલે કોણ...? તમે અને અમે....! ●

લેખક : ચંદરાણા કુસુમબેન જી. આચાર્ય- બહેરા-મૂંગાની શાળા, પાટણ, ફોન નં. ૨૨૦૩૩૨.

## આ બ્રેઈલમાં...

સમજાય ના આંખથી એ સ્પર્શથી વંચાય છે આ બ્રેઈલમાં,
વણ ઉકલ્યાં રહસ્યોની વાત ઉકેલાય છે આ બ્રેઈલમાં.
ઘોર અંધારી રાતે શબ્દોના અર્થ સમજાય છે આ બ્રેઈલમાં,
રૂબરૂ મળવા બરાબર બો ઘડી સંગાથ છે આ બ્રેઈલમાં.
મરજી ના મરજીની મોંકાણ પણ મંડાય છે આ બ્રેઈલમાં,
ક્યારેક હૈયાના મોરલા પણ ગહેંકી ઉઠે છે આ બ્રેઈલમાં.
ઉપસેલા ટપકાંની રૂડી ભાત જુઓ પડી છે આ બ્રેઈલમાં,
તારી મારી સ્મરણ-મંજૂષાનો કેવો સહવાસ આ બ્રેઈલમાં.
અટવાયાં તમે કેમ ? જોઈને પત્ર આ બ્રેઈલમાં,
સુંદર સોંણલાંની વાત જ લખીતી અમે આ બ્રેઈલમાં.
નજરથી નજર મળ્યાનો અહેસાસ છે આ બ્રેઈલમાં,

## રાજીવ ગાંધી ફાઉન્ડેશન તરફથી વિકલાંગો માટે ખાસ ડિઝાઈન કરેલ સ્કુટર આપવાની યોજના

રાજીવ ગાંધી ફાઉન્ડેશન સરકાર, સ્વૈચ્છિક સંસ્થાઓ, ઉદ્યોગગૃહો વગેરેની મદદથી સમાજ ઉત્થાનના કાર્યક્રમો ચલાવે છે. ફાઉન્ડેશન ઓટોમોબાઈલ કંપનીઓ સાથે સહયોગ કરીને વિકલાંગો માટે ખાસ ડિઝાઈન કરેલ સ્કુટર તૈયાર કરાવી દેશભરમાં ૧૦૦ જેટલા વિકલાંગોને દર વર્ષે વિતરણ કરે છે. આ યોજનાનો લાભ લેવા માટે નીચેના સરનામે પત્ર લખવાથી ત્યાંથી ફોર્મ આવશે. આ ફોર્મ ભરીને ત્યાં જ મોકલી આપવાનું છે. વધુ માહિતી માટે સંપર્ક કરો : પ્રોજેક્ટ ડાયરેક્ટર, રાજીવ ગાંધી ફાઉન્ડેશન, જવાહર ભવન, ડૉ. રાજેન્દ્રપ્રસાદ રોડ, નવી દિલ્હી-૧૧૦૦૦૧, ફોન નં. ૦૧૧-૨૩૭૫૫૧૧૭, ૨૩૩૧૨૪૫૬, ફેક્સ નં. ૦૧૧-૨૩૭૫૫૧૧૯, વેબ સાઈટ : **www. rgfindia.org**

આવતા અંકમાં...
- નીતા પંચાલ, અમદાવાદ
-સરિતા દ્વિવેદી- કુલિનકાન્ત લુઠિયા, માનવ જ્યોત, મુંબઈ જીવન ઝરમર તથા અન્ય માહિતી અને સમાચારો તો

પ્રિય વાંચકો, શુભેચ્છકોને...!

છેલ્લાં દશ વર્ષથી વિકલાંગો માટે અને વિકલાંગ વ્યક્તિ સંચાલિત સમાચાર પત્ર ''વિકલાંગ મિત્ર'' દર મહિને પ્રસિદ્ધ થાય છે. આ સમાચારપત્ર દ્વારા વિકલાંગોને ઉપયોગી તમામ માહિતી તેમના ઘેરબેઠાં પહોંચાડવામાં આવે છે. જેનો લાભ મેળવી વિકલાંગો પોતાનો વિકાસ કરવા કટિબધ્ધ બને છે. જે ''વિકલાંગ મિત્ર'' માટે ગૌરવની બાબત છે. ઉદાર દિલના શુભેચ્છક દાતાઓના સહયોગથી ચાલતું આ પ્રકાશન વિકલાંગજનોની સેવામાં મહત્ત્વની ભૂમિકા અદા કરે છે.

આપશ્રીને વિનંતી કરવાની કે આપ પોતે અને આપના મિત્ર વર્તુળને ''વિકલાંગ મિત્ર''ના સભ્ય (સહયોગ રાશિ આજીવન રૂા.૧૦૦૦/- અથવા એક વર્ષના રૂા. ૫૦/- , બે વર્ષના રૂા. ૧૦૦/- માત્ર) બનવા પ્રોત્સાહિત કરી સહકાર આપવા કૃપા કરશો. આપશ્રી આપની સહયોગ રાશિ મની ઓર્ડર / ડીડી / એટપાર ચેક ( જે **"વિકલાંગ મિત્ર"**ના નામનો) દ્વારા નીચેના સરનામે મોકલી શકો છો. આપશ્રી આપની સહયોગ રાશિ યુનિયન બેંક ઑફ ઈન્ડિયાના **"વિકલાંગ મિત્ર"**ના ખાતા નંબર ૪૪૮૨૦૧૦૧૦૦૩૨૦૨૯માં જમા કરાવી મોબાઈલ નંબર ૯૭૨૬૦૪૩૯૧૧ અથવા ઈ-મેલ viklangmitra@yahoo.com પર સંદેશો (આપનું નામ-સરનામું સાથે) મોકલવા વિનંતી છે.

**તંત્રીશ્રી, વિકલાંગ મિત્ર,**
**મુ.પો. માઢી, તા. વિજાપુર, જિ. મહેસાણા, પી.૩૮૨૮૬૦**
**મો.નં. : ૯૭૨૬૦ ૪૩૯૧૧**
viklangmitra@yahoo.com

## વિકલાંગો માટે કલ્યાણકારી હેલ્પલાઈન સેવા

લોકસેવા સાર્વજનિક ટ્રસ્ટ દ્વારા સમગ્ર ગુજરાતના વિકલાંગો માટે ૯૪૨૮૦ - ૩૩૭૩૩ વિકલાંગ હેલ્પલાઈન સેવા કાર્યરત કરવામાં આવી છે. આ હેલ્પલાઈન સેવા થકી વિકલાંગોને તમામ પ્રકારની સરકારની વિવિધ યોજનાઓ ઉપરાંત શૈક્ષણિક, સ્વરોજગાર, આરોગ્યની મુશ્કેલીઓમાં માર્ગદર્શન પૂરું પાડવામાં આવે છે. વિધવા, નિરાધાર અને વૃદ્ધોને પણ ઉપરોક્ત સેવા પૂરી પાડવામાં આવે છે.

તારી મારી સ્મરણ-મંજૂષાનો કેવો સહવાસ આ બ્રેઈલમાં.
અટવાયાં તમે કેમ ? જોઈને પત્ર આ બ્રેઈલમાં,
સુંદર સોંણલાંની વાત જ લખીતી અમે આ બ્રેઈલમાં.
નજરથી નજર મળ્યાનો અહેસાસ છે આ બ્રેઈલમાં,
પાનખરમાં પણ વસંત, મળે જો તમારો પત્ર આ બ્રેઈલમાં,
સુખ-સરવાળાના સંદેશ મોકલાય છે આ બ્રેઈલમાં,
દુ:ખના દિવસો પણ કેવા વસમા હોય છે આ બ્રેઈલમાં.
વાત જે આપણે કરી શક્યાં ના પ્રથમ મુલાકાતમાં,
લ્યો કરી અમે એ વાત સાયબા, આ બ્રેઈલમાં,

● કે. એન. મનસુરી- વિસનગર, મો.નં. ૯૪૨૮૮૫૩૦૦૩

-સરિતા દ્વિવેદી- કુલિનકાન્ત લુઠિયા, માનવ જ્યોત, મુંબઈ જીવન ઝરમર તથા અન્ય માહિતી અને સમાચારો તો ખરા જ...!

"સુખનું એક દ્વાર બંધ થતાં જ બીજું દ્વાર ઊઘડી જાય છે. પણ પેલા બંધ દ્વાર તરફ આપણે એટલો બધો વખત તાક્યા કરીએ છીએ કે ઊઘડેલા દ્વાર તરફ આપણી નજર જતી નથી." - હેલન કેલર

શૈક્ષણિક, સ્વરોજગાર, આરોગ્યની મુશ્કેલીઓમાં માર્ગદર્શન પૂરું પાડવામાં આવે છે. વિધવા, નિરાધાર અને વૃદ્ધોને પણ ઉપરોક્ત સેવા પૂરી પાડવામાં આવે છે.

સંપર્ક સ્થાન :- શ્રી હેમેન્દ્રભાઈ જણસારી, લોકસેવા સાર્વજનિક ટ્રસ્ટ, બીના હાઉસ, ન્યુ સ્ટેશન રોડ, ગરબી ચોક, ભૂજ (કચ્છ), પી.નં. ૩૭૦૦૦૧.

**આજીવન લવાજમ રૂા. ૧૦૦૦/- મોકલી સહયોગ કરવા નમ્ર વિનંતી છે. શું આપશ્રીએ લવાજમ મોકલ્યું છે... ? લવાજમ મોકલવું અત્યંત જરૂરી છે. તંત્રીશ્રી**



Post Reg. No. G.Meh-257/Valid Upto 31-12-2015 R.N.I. No. GUJGUJ-2004-19315 Viklang Mitra (Monthly)-Vijapur



## પાટણ-મહેસાણાના ઉચ્ચ શિક્ષણ મેળવતાં વિકલાંગોને મોપેડ અપાશે

વિકલાંગ કલ્યાણ ક્ષેત્રે કાર્યરત સંસ્થા બ્રહ્મ સમાજ સેવા ટ્રસ્ટ દ્વારા તેજસ્વી વિકલાંગ વિદ્યાર્થીઓ આર્થિક અસુવિધાના કારણે ઉચ્ચ કારકિર્દી બનાવતાં અટકી ન જાય તે માટે જરૂરિયાતમંદોને વિનામૂલ્યે મોપેડ આપવાનું નક્કી કરાયું છે. રાજયમાં સૌ પ્રથમ પાટણ અને મહેસાણા જિલ્લામાં અમલી બનનાર આ પાયલોટ પ્રોજેક્ટ અંતર્ગત ધોરણ-૧૨થી ઉચ્ચ શિક્ષણમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને લાભ આપવામાં આવનાર છે.

પ્રોજેકટ અંગે માહિતી આપતાં ટ્રસ્ટના પ્રમુખ નરેશકુમાર દવેએ જણાવ્યું કે વિકલાંગ હોય અને ઘરથી શાળા કે કોલેજ જવા માટે એસ ટી બસમાં અપડાઉન કરતા હોય તેવા વિદ્યાર્થીઓને બસ સ્ટેન્ડથી શાળા-કોલેજ જવા રિક્ષામાં કે અન્ય વાહનમાં મુસાફરી પણ કરવી પડતી હોય છે. આવી તકલીફોના કારણે ક્યાંક તેજસ્વી વિદ્યાર્થીઓ પોતાનું શિક્ષણ અધરું પણ છોડી દેતા હોય છે. આવું ન બને તે માટે બ્રહ્મ સમાજ સેવા ટ્રસ્ટ, પાટણ દ્વારા ચાણસ્મા તાલુકાના લણવા ગામના વતની અને રાજયના પૂર્વમંત્રી અરવિંદભાઈ ત્રિભોવનદાસ પટેલના આર્થિક સહયોગ થકી ૭૫ ટકા કે તેથી વધુ વિકલાંગતા ધરાવતા હોય તેવા ધોરણ-૧૨ થી વધુ શિક્ષણ મેળવતા વિદ્યાર્થીઓને ત્રણ વ્હીલનું મોપેડ વિનામૂલ્યે આપવાનું નક્કી કરાયું છે. આવી પાત્રતા ધરાવતા વિકલાંગ વિદ્યાર્થીઓને આધાર-પુરાવા સાથેનું આવેદન બ્રહ્મ સમાજ સેવા ટ્રસ્ટ, ૪૦૨, સપના એપાર્ટમેન્ટ, આદર્શ હાઈસ્કુલ રોડ, પાટણ-૩૮૪૨૬૫ને મોકલી આપવા જણાવાયું છે.

## બિહારના પોલિયો વર્કર યુએન એવોર્ડથી સન્માનિત

પોલિયોના રોગથી બાળકોનું રક્ષણ કરવાની પોતાની જોરદાર કામગીરી બદલ બિહારના દરભંગાના અગ્રણી પોલિયો કાર્યકર માર્થા ડોડરેને પ્રતિષ્ઠિત યુએન ફાઉન્ડેશન એવોર્ડથી સન્માનિત કરાયાં છે. ન્યુયોર્કમાં યુએન ફાઉન્ડેશન અને યુનાઈટેડ નેશન્સ એસો. ઑફ યુએસએ દ્વારા યોજવામાં આવેલા ગ્લોબલ લીડરશીપ એવોર્ડ ડિનર ૨૦૧૩ ખાતે માર્થાને સન્માનિત કરાયાં છે. માર્થાએ જણાવ્યું કે આવા વૈશ્વિક મંચ પર એવોર્ડ મેળવવાથી તેમને બહુ ખુશી થઈ છે અને ગર્વ અનુભવે છે અને વધુમાં જણાવ્યું હતું કે પ્રદેશોમાંથી પોલિયોની નાબૂદી માટે આપણે સંગઠિત થઈને કામ કરવાની

## ઉત્તર ગુજરાત વિકલાંગ કલ્યાણ સંઘનો ૧૯ મો સ્થાપના દિન ઉજવાયો




ઉત્તર ગુજરાત વિકલાંગ કલ્યાણ સંઘ-વિસનગર સંસ્થા વિકલાંગોના કલ્યાણમાં ૧૮ વર્ષ પુરા કરી ૧૯ મા વર્ષમાં પ્રવેશ કરેલ છે. તા.૧૨ જાન્યુઆરી-૨૦૧૪ ના રોજ સંસ્થાના કુવાસણા ખાતેના સંકુલમાં આ સ્થાપના દિનની ઉજવણીના ભાગ રૂપે વિકલાંગ બાળકોનો ત્રીજો પતંગોત્સવ તેમજ ખેલ મહાકુંભ-૨૦૧૩માં જિલ્લા તેમજ રાજય કક્ષાએ વિજયી બનેલ ખેલાડીઓ અને સંસ્થાને વિકલાંગ દિન નિમિત્તે વધુ ફાળો આપનાર શાળાઓના આચાર્યશ્રીઓનો સન્માન માટેનો કાર્યક્રમ રાજયસભાના સાંસદ મા.શ્રી દિલીપભાઈ પંડયાની ઉપસ્થિતીમાં યોજવામાં આવ્યો. કાર્યક્રમની શરૂઆત વિકલાંગ બાળાઓની પ્રાર્થનાથી કરવામાં આવી. મહેમાનોનો પરીચય અને શાબ્દીક સ્વાગત સંસ્થાના પ્રમુખશ્રી

બદલ અભિનંદન આપ્યા હતા તેઓએ સંસ્થાના કંપાઉન્ડ વોલ માટે સાંસદ ફંડમાંથી રૂા.૫/- લાખની ગ્રાન્ટ ફાળવી આપી હતી. આ પ્રસંગે મુખ્ય મહેમાન મા.શ્રી પંકજભાઈ પટેલ તેમજ અતિથિ વિશેષ મા.શ્રી કલ્પેશભાઈ પટેલે સંસ્થાની પ્રવૃત્તિઓને બિરદાવી મદદરૂપ થવાની ખાત્રી આપી હતી. આ પ્રસંગે આર્શિવચન માટે પરમ વંદનીય સંતશ્રી ગુલાબનાથ બાપુએ બાળકોને આર્શિવચન આપ્યા હતા અને પોતાના પ્રાસંગિક પ્રવચનમાં ઈશ્વરે જેને ક્ષમતા આપી છે તેવા લોકોએ આવી સંસ્થાને મદદરૂપ થવું જોઈએ તેમ જણાવ્યુ હતુ અને આ સંસ્થાના સંચાલકોની કામગીરીને સાધુ તરીકેની ઓળખ આપી હતી તેમજ આર્શિવાદ સ્વરૂપે પોતાના શિવગોરખ ટ્રસ્ટમાંથી રૂા.૧,૧૧,૧૧૧/-ની સહાય જાહેર કરી હતી. આ પ્રસંગે વિકલાંગ

## નંદીની પી. દિવેટીયા રૂરલ રિહેબિલિટેશન એવોર્ડ એનાયત

રૂરલ ડેવલપમેન્ટ મેનેજમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ, અમદાવાદ દ્વારા બાર વિકલાંગ વ્યક્તિઓને તથા બે વિકલાંગોની સંસ્થાઓને નંદીની પી. દિવેટીયા રૂરલ રિહેબિલિટેશન એવોર્ડ એનાયત કરવામાં આવ્યા હતા. સ્વામી વિવેકાનંદ યુનિવર્સિટી, કલકત્તાના કુલપતિ સ્વામી આત્મપ્રિયનંદજીએ આ એવોર્ડ બળદેવસિંહ પરમાર, મહેન્દ્ર પરમાર, અરવિંદ કોળી, શંકરલાલ શર્મા, જીતેન્દ્ર પરમાર, રતન બેન્ડે, નરેશ રાઠવા, વિકાસ અગ્રવાલ, ધનસુખ પ્રજાપતિ, નોકિત મણીરામ, સંજય વાઘ અને રોહન ચૌધરીને એનાયત કર્યા હતા. આ ઉપરાંત બે વિકલાંગોની સંસ્થાઓ પીએનઆર સોસાયટી-ભાવનગર અને મંગલમૂર્તિ વિકલાંગ ટ્રસ્ટ- જૂનાગઢને પણ એવોર્ડ એનાયત કરવામાં આવ્યા હતા. સર્વે એવોર્ડ વિજેતાઓને તથા આયોજક સંસ્થાને "વિકલાંગ મિત્ર" પરિવાર અભિનંદન પાઠવે છે.

## વિકલાંગો માટે રોબોટ વ્હીલચેર

આવેલા ગ્લોબલ લીડરશીપ એવોર્ડ ડિનર ૨૦૧૩ ખાતે માર્થાને સન્માનિત કરાયાં છે. માર્થાએ જણાવ્યું કે આવા વૈશ્વિક મંચ પર એવોર્ડ મેળવવાથી તેમને બહુ ખુશી થઈ છે અને ગર્વ અનુભવે છે અને વધુમાં જણાવ્યું હતું કે પ્રદેશોમાંથી પોલિયોની નાબૂદી માટે આપણે સંગઠિત થઈને કામ કરવાની જરૂર છે.

## વિકલાંગ વ્યક્તિઓને પોતાના હક્કો માટે હજી કેટલી રાહ જોવી પડશે ?

ડીસેબિલિટી એડવોક્સી ગ્રુપ (ડી.એ.જી.) વિકલાંગતા ધરાવતા વ્યક્તિઓ માટે ડિસેબિલિટી રાઈટ્સ બીલને સંસદમાં શરૂ કરવામાં વિલંબ પર અત્યંત નિરાશા વ્યક્ત કરે છે. વિકલાંગતા ધરાવતા વ્યક્તિઓ માટે નવો.... વિકલાંગતા કાયદો લખવાની પ્રક્રિયા ચાર વર્ષ પહેલાં શરૂ થઈ હતી અને વિવિધ તબક્કામાં અને વિલંબ પસાર કર્યા પછી, તે છેવટે ૧૨મી ડીસેમ્બર ૨૦૧૩ના રોજ કેબીનેટ દ્વારા પસાર કરવામાં આવ્યો હતો. આ નવો કાયદો દેશના લાખો વિકલાંગતા ધરાવતા વ્યક્તિઓ માટે સાચા સ્વપ્ન સમાન હતો. પરંતુ, આ સ્વપ્ન ટૂંક સમય માટે જ રહ્યું. પરંતુ સંસદ અનીયત કાળ માટે સ્થગિત થઈ અને આ બિલ ટેબલ પર રજુ ન થયું. વિકલાંગ વ્યક્તિઓને પોતાના હક્કો માટે હજી કેટલી રાહ જોવી પડશે ? ડીસેબિલિટી એડવોક્સી ગ્રુપ (ડી.એ.જી.) દ્વારા તારીખ ૯-૧-૨૦૧૪ના રોજ જી.એમ.ડી.સી. ગ્રાઉન્ડની બહાર, હેલ્મેટ ચાર રસ્તા પાસે અમદાવાદમાં કેંડલ લાઈટ ધરણા કાર્યક્રમ કરી સમગ્ર રાષ્ટ્રના વિકલાંગ વ્યક્તિઓના હિત માટે સાંસદમાં નવો વિકલાંગતા વિધેયકને તાત્કાલિક ધ્યાને અને ટેબલ પર લાવવા માટે અપીલ કરી હતી. ડીસેબિલિટી એડવોક્સી ગ્રુપ (ડી.એ.જી.) આ મુજબના ધરણા કાર્યક્રમ ગુજરાતના અલગ અલગ જીલ્લાઓમાં ચાલુ રાખશે. વધુ માહિતી માટે સંપર્ક : નીતા પંચાલ - ૯૮૭૯૦૦૩૯૮૧

## વિકલાંગોને પ્રેરણા આપતી ફિલ્મો

(૧) બ્લેક (૨) કોશિશ (૩) તારે જમીં પર (૪) ઈકબાલ (૫) દોસ્તી (૬) ખાનદાન (૭) સદમા (૮) છોટી બહન (૯) નાચે મયુરી (૧૦) શોલે (૧૧) ખિલોના (૧૨) સોલહ સાલ (૧૩) યુગ પુરૂષ (૧૪) ખામોશી (૧૫) કોયલા (૧૬) દિદાર (૧૭) બૈરાગ (૧૮) કોઈ મિલ ગયા સંકલનઃ- ભરત સોલંકી (પ્રજ્ઞાચક્ષુ) ૯૬૬૨૪૮૩૧૭૯

કાર્યક્રમની શરૂઆત વિકલાંગ બાળાઓની પ્રાર્થનાથી કરવામાં આવી. મહેમાનોનો પરીચય અને શાબ્દીક સ્વાગત સંસ્થાના પ્રમુખશ્રી ડાહ્યાભાઈ આઈ.પટેલે કર્યુ હતુ. સંસ્થા દ્વારા ચાલતી સેવા પ્રવૃત્તિનો વિગતે અહેવાલ સંસ્થાના મેનેજીંગ ટ્રસ્ટીશ્રી અશોકભાઈ પટેલે રજૂ કર્યો હતો. વિકલાંગ બાળકોના ત્રીજા પતંગોત્સવને મા.સાંસદશ્રી દિલીપભાઈ પંડયાએ દિપ પ્રાગટ્ય કરી ખૂલ્લો મૂકયો હતો તેમજ સંસ્થાને વધુ ફાળો આપનાર શાળાના આચાર્યશ્રીઓને શાલ ઓઢાડી સન્માનપત્ર અર્પણ કર્યા હતા અને પોતાના પ્રાસંગિક પ્રવચનમાં સંસ્થાની પ્રવૃત્તિઓની નોંધ લઈ સરાહના કરી હતી તેમજ સંસ્થાના સંચાલકોને આવુ ઉમદા કાર્ય કરવા આપી હતી તેમજ આશીર્વાદ સ્વરૂપે પોતાના શિવગોરખ ટ્રસ્ટમાંથી રૂા.૧,૧૧,૧૧૧/-ની સહાય જાહેર કરી હતી. આ પ્રસંગે વિકલાંગ ખેલાડીઓ,શાળાના આચાર્યશ્રીઓ તેમજ આમંત્રિત મહેમાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે પૂર્વ નાયબ માહિતી નિયામકશ્રી પી.એમ.પરમાર મુ.કુવાસણા નું દલિત સાહિત્ય એવોર્ડ મેળવવા બદલ સંસ્થા દ્વારા સાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતુ. કાર્યક્રમને અંતે સંસ્થાના માનદમંત્રી કુ.સુરેખાબેન પટેલે કાર્યક્રમને સફળ બનાવવા બદલ સૌનો આભાર વ્યક્ત કર્યો હતો. કાર્યક્રમને અંતે સૌને મિષ્ઠાન ભોજન શ્રી વી.વી.પટેલ અમદાવાદ તરફથી આપવામાં આવ્યું




મૂક-બધિર બાળકોમાં રહેલ સુષુપ્ત શક્તિઓ અને પ્રતિભાને ખીલવવા માટે છેલ્લા ત્રણ વર્ષથી ગુજરાત સરકાર અને સ્પોર્ટસ કાઉન્સિલ ઓફ ધી ડેફ ગુજરાતના સંયુક્ત ઉપક્રમે ખેલ મહાકુંભ-૨૦૧૩ અંતર્ગત વોલીબોલ સ્પર્ધાનું આયોજન અમદાવાદ ખાતે થયું તેમાં માનવ કલ્યાણ ટ્રસ્ટ, નવસારીના બાળકોએ ભાગ લીધો હતો. તેમાં સારો દેખાવ કરી સંસ્થાનું ગૌરવ વધારેલ છે. સંસ્થા પરિવારે બાળકોને અભિનંદન આપ્યા હતા.

## વિકલાંગો માટે રોબોટ વ્હીલચેર

જાપાનના વિજ્ઞાનીઓએ વિકલાંગો માટે જ એક ઈલેક્ટ્રીક વ્હીલચેર વિકસાવી છે જે વિકલાંગોને વધુ ઉપયોગી થઈ પડે તેમ છે. જાપાનની ક્યુશુ યુનિ.ના રોબોટિક વિભાગના સંશોધકોએ વિકસાવેલી ફોર વ્હીલ રીડેમ વ્હીલચેર જોયસ્ટીક દ્વારા સંચાલિત થાય છે. સ્કૂટર જેવી આ વ્હીલચેરમાં ચઢતાં કે ઉતરવામાં અન્ય કોઈની મદદ લેવાની જરૂર પડતી નથી. તે ઉપરાંત હરવા ફરવા માટે પણ અન્ય મદદની જરૂર પડતી નથી. રોબોટિક અને મેડિકલ નિષ્ણાતો આરોગ્ય અને નર્સિંગ સેવાઓ માટે વધુને વધુ રોબોટ વિક્સાવવાનો પ્રયત્નો કરી રહ્યા છે. નવા આ રોબોટમાં વ્યક્તિની સલામતીને વધુ ધ્યાનમાં રાખવામાં આવે છે. વિકલાંગ તેમજ બિમાર માણસો માટે ઉપયોગી થતાં સ્વયંસંચાલિત યંત્રોની કામગીરી કે સંચાલન જટિલ હોય છે. વિજ્ઞાનીઓ આ જટિલતા દૂર કરી વિકલાંગો સરળતાથી સંચાલન કરી શકે તેવા સાધનોની શોધમાં આ વ્હીલચેર સારો દાખલો છે. દૂર પડેલી વ્હીલચેરને વિકલાંગ વ્યક્તિ રીમોટ વડે પોતાની નજીક બોલાવી શકે છે. (સંકલિત)

PUBLISHER,OWNER :BHARATBHAI R. PATEL,PRINTAR: PRAVINBHAI K. PATEL, PLACE OF PRINTING : SHIV OFSET, PARTH COMLPEX, VIJAPUR DIST : MEHSANA, PLACE OF PUBLICATION : AT. POST : MADHI, TA. VIJAPUR, DIST : MEHSANA, PIN-382860 EDITOR : BHARATBHAI R. PATEL